सा विद्या या विमुक्तये

# શારદ

ડિસેમ્બર-૨૦૨૪ - વર્ષ ૪૩, અંક-૨





વરસાદના વિઘ્ન વચ્ચે પણ બાલરથી કાર્યક્રમમાં બાલપૂજન કરતાં મહાનુભાવો






વિવિધ સ્પર્ધાઓમાં આપણી શાળાના વિજેતા વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષકો

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

# શાળામાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓ





શિક્ષકદિન નિમિત્તે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ



શાળાની આધુનિક કોમ્પ્યુટર લેબમાં નિષ્ણાત શિક્ષક શ્રી સાકેતભાઈ દવે પાસેથી અભ્યાસમાં જ્ઞાન લેતા વિદ્યાર્થીઓ







લાયન્સ ક્લબ ઓફ સેટેલાઈટના સહયોગથી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમ

## શાળામાં શરૂ થયેલ ‘બેગ લેસ ડે’ માં વિવિધ પ્રવૃત્તિઓમાં મગ્ન ભુલકાઓ











## ગુજરાત પોલીસના સહયોગથી શાળામાં યોજાયેલ છોકરીઓ માટે સ્વરક્ષા વર્કશોપ



# શાળામાં શરૂ થયેલ વિક્રમ સારાભાઈ સેન્ટરમાં
# શિક્ષકો સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓ














सा विद्या या विमुक्तये

# શારદ

ડિસેમ્બર-૨૦૨૪
વર્ષ ૪૩, અંક-૨

શારદામંદિર, અમદાવાદ.


વાલીગણ

વિદ્યાર્થી મિત્રો

કુશળ હશો

સાદર નમસ્કાર,

વિદ્યાર્થી મિત્રો,

શાળાના ૧૦૧ વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આપનો શાળામાં હૃદયપૂર્વક આવકાર. ગતવર્ષ ઉજવાયેલા તમામ પ્રસંગોમાં પણ આપની ભાગીદારી રહી. શાળાનું પ્રથમસત્ર પૂર્ણ થયું. પ્રથમ કસોટી પણ પૂર્ણ થઈ. ટુંકા દિવસોમાં પરિણામ આપને મળી જશે. નવી શિક્ષણનીતી સંદર્ભે અને બોર્ડની ગુણાંકન પદ્ધતિ પ્રમાણે શાળાની આ કસોટીઓ ખૂબ અગત્યની પૂરવાર થવાની છે. જેના આધારે ગુણાંકન થશે.

શાળામાં મેનેજમેન્ટ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે શાળામાં 'SMART' એકેડમી બનાવવામાં આવી છે. જે હેઠળ જુદી જુદી પ્રવૃત્તિઓ શાળામાં ચાલે છે. ક્રિકેટ, એનસીસી, સ્કાઉટ, સ્માર્ટલેબ, ઈંગ્લીશ સ્પીકીંગ જેવા શાળા દરમિયાન અને વેકેશન દરમિયાન હાથ ધરવામાં આવેલ છે. જેમાં સારા એવા બાળકનો નવું કંઈક અભ્યાસલક્ષી શીખી રહ્યા છે. વેકેશન દરમિયાન પણ ઘણા બધા વિદ્યાર્થીઓ જોડાવા માટે રાહ જોઈ રહ્યા છે. આ ઉપરાંત ઘણા બાળકોના વિકાસલક્ષી કાર્યક્રમો ચાલુ થવા જઈ રહ્યા છે. વાલીશ્રીઓને વિનંતી છે કે શાળામાં આવી જે તે વિભાગના આચાર્યની મુલાકાત લઈ માહીતગાર બની શકે છે.

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વાલીને જણાવવાનું કે હવેથી બોર્ડની પરીક્ષા દર વર્ષ કરતાં ૧૫ દિવસ વહેલા શરૂ થશે. શાળાના નોટીસ બોર્ડ ઉપર કાર્યક્રમ મુકવામાં આવેલ છે. ફેબ્રુઆરીની ૨૭ તારીખથી પરીક્ષા શરૂ થશે. બાળકોના અભ્યાસ માટે પંદર દિવસ બહુ વધારે કહેવાય. તો સૌ વાલી/વિદ્યાર્થી અત્યારથી શરૂઆત કરે . બીજું કે બોર્ડ દ્વારા ટૂંક સમયમાં એવો પણ નિર્ણય જાણવા મળશે કે બોર્ડ હવે વર્ષમાં બે વાર બોર્ડની પરીક્ષાનું આયોજન કરવા જઈ રહી છે. બાળક સંપૂર્ણ વિષયોની પરીક્ષા પોતાની તૈયારીના આધારે એટેન્ડ કરી શકે છે.

વાલીગણને ખાસ જણાવવાનું કે આ વર્ષે ઘણીવાર સરકારી પ્રોજેક્ટને કારણે આવવાનું થયું. EKYC કે APAAR-ID જેવી વિદ્યાર્થીઓને લગતી બાબતોના આધારે માહિતી આપવાની થતી હોઈ આપને તકલીફ પડશે. પણ લાંબા ગાળે ઉપયોગી હોવાથી શાળા સ્ટાફ સાથે મળી સુવ્યવહારથી કામ સરળ બને તે માટે પ્રયાસો કરીશું.

આભાર.

- આચાર્ય
( વિજય રાવલ)

**દરેક વાલીને વિનંતી કે આપના પાલ્યની બીજા સત્રની ફી સમયસર ઓફીસમાં જમા કરાવી શાળાના કામકાજમાં સાથ સહકાર આપવા વિનંતી.**

## અહેવાલ

### શારદામંદિર @૧૦૦

શ્રાવણ સુદ સાતમ! શાળાનો ૧૦૧મા વર્ષમાં મંગળ પ્રવેશ!

'આવે પેલો બાલરથી' શારદામંદિર વિશેષ નૃત્યગાન, 'ચલો ચલો ચલો... શારદ માના બાળ' શારદામંદિર વિશેષ કૂચગીત અને 'એવાં આવે રે શારદાના સાદ રે સાદ રે, હાલો ભેરુ રમવા, શારદાને આંગણે' શારદામંદિર વિશેષ ગરબાના ઘોષનાદથી આજે શારદામંદિરનું પ્રાંગણ છલકાઈ ગયું.

સાહિત્યવિદ્ પદ્મશ્રી ડૉ.શ્રી કુમારપાળભાઈ દેસાઈ, શ્રી ભદ્રેશભાઈ શાહ તથા શ્રીમતી મિનળબેન સેન જેવા મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતીમાં કાર્યક્રમ વધુ શોભી ઉઠ્યો.

આદરણીય ટ્રસ્ટીગણ, કમિટિના સભ્યો, ક્રિએટીવ ટીમ, એડિટોરીયલ ટીમ, માનનીય શિક્ષકગણ, આચાર્યશ્રીઓ, ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીગણ તથા શાળા સાથે સંકળાયેલા અનેક લોકોની આંખો આકાશમાં અનંત તરફ ગતિ કરી રહેલા રંગબેરંગી ફુગ્ગાઓ તરફ તાકતી શારદામંદિરના અનંત અને અનન્ય ઉજ્જવળ ભવિષ્યની લાગણીભરી વાંછના કરી રહી હતી.

શારદામંદિર @૧૦૦ (ભાગ-૧ અને ભાગ-૨, Set of 2 books) પુસ્તકનું વિમોચન એટલે શારદામંદિર પરિવારના સભ્યોના સંસ્કાર, સંસ્મરણ અને સુવિચારોનું સંપાદન. બે ભાગનું બનેલું આ પુસ્તક, એ માત્ર પુસ્તક નથી પણ લાગણીઓના મહાસાગરના મનોમંથનમાંથી પ્રાપ્ત થયેલો અમૃતકુંભ છે. આ ધરોહર સમા પ્રકાશનને વસાવજો, વાંચજો અને વંચાવજો.


વરસાદી માહોલમાં આ સમસ્ત કાર્યક્રમ સુંદર રીતે યોજાઈ ગયો અને સમાપન સમયે જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કૂચ અને ગરબા સમયે તે અનરાધાર વરસી પડ્યો કે જાણે વિદ્યાર્થીઓની આંખોમાંથી વરસતી અશ્રુભીની લાગણીઓ સાથે ઓતપ્રોત થઈને શારદાંદિરને ખોળે રમવા આવી પડ્યો ન હોય!

આખુંયે શતાબ્દી વર્ષ શારદામંદિરના અનેકવિધ કાર્યક્રમો સફળ રીતે યોજાઈ ગયા અને આજે શારદામંદિર - એટલેકે આપણી શાળાના ૧૦૧મા સ્થાપના દિવસે, હૃદયમાં શાળામાં પાંગરેલા બાળપણને પુનઃપ્રસ્થાપિત કરીને, શાળાની રજ મસ્તિષ્ક પર ચઢાવીને શાળાજીવનના સંસ્મરણોને મનઃપ્રદેશ પર જરાક વધારે ઘેરા કંડારીને શાળાની વિકાસયાત્રા અવિરત ચાલતી રહે તેવી પ્રાર્થના સાથે અમે ચાલી નીકળ્યા!

- પાર્થિવી અધ્યારૂ (૧૯૮૯ બેચ)

---

## અભિનંદન



આપણી શાળાનો વિનયમંદિર વિભાગનો ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચિ. જૈનિલ અશ્વિનભાઈ ડોડીયા તે SSKAI (Shito-Ryu Karate Association of India) સાથે છેલ્લા ૭ વર્ષથી જોડાયેલ છે. તા.25 & 26 May 2024 ના રોજ યોજાયેલ Open All India Shito-Ryu Karate Championship-2024 જે Sirohi, Rajasthan ખાતે યોજાયેલ હતી જેમાં તેણે Kata માં Gold Medal અને Kumite માં Silver Medal અને સર્ટિફીકેટ પ્રાપ્ત કરેલ છે તે બદલ તેને ખૂબ ખૂબ અભિનંદન. તદ્ઉપરાંત 21st April-2024 ના રોજ યોજાયેલ 18th All Ahmedabad Shito-Ryu Karate Championship-2024 જે Lakshya School, Ahmedabad ખાતે થોજાઈ હતી તેમાં પણ તેણે Gold Metal અને સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે તે બદલ ચિ.જૈનિલને ખૂબ ખૂબ અભિનંદન.

---



અમદાવાદ ખાતે રમાનારી એડીસી બેંક અંડર-૧૯ સ્કુલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આપણી શાળાનો અંગ્રેજી માધ્યમનો વિદ્યાર્થી ચિ.ઓમકાર કસ્તિયા એ શાનદાર સદી ફટકારતાં તેની ટીમનો બેસ્ટ હાઈસ્કુલ સામે ૧૪૩ રનના વિશાળ માર્જીનથી વિજય થયો હતો. ચિ.ઓમકારે ૧૫૫ બોલમાં ૨૨ ચોગ્ગા અને ૫ (પાંચ) સિક્સર સાથે ૧૭૦ રન ફટકાર્યા હતાં. શાળાનું ગૌરવ વધારવા બદલ ઓમકારને શારદામંદિર પરિવારથી ખૂબ શુભેચ્છા.

# અહેવાલ

## વર્તમાન વિદ્યાર્થીઓ પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ

તા.૫-૧-૨૦૨૪

સંસ્કૃતિક કાર્યક્રમો શારદામંદિરની આદ્ય પ્રવૃત્તિ છે. શતાબ્દી વર્ષ ઉજવણી પ્રસંગે શારદામંદિરના વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા ઠાકોરભાઈ દેસાઈ હોલમાં તા.૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ શહેરમાં એવી જૂજ શાળાઓ છે, જે તેમની સ્થાપના બાદ સો વર્ષ પૂર્ણ કરતી હોય. ખૂબ આનંદની વાત છે કે આચપણી શાળા શારદામંદિર તેમાંની એક છે અને આપણે સૌ જાણીએ છીએ કે આ વર્ષે આપણી શાળા સો વર્ષ પુરા કરી રહી છે. વર્ષ ૧૯૨૪ને શ્રાવણ સુદ સાતમ, ગુરૂવારના વિશેષ દિવસે, શિક્ષણપ્રેમી એવા આપણા સ્થાપકશ્રીઓએ શારદામંદિર શાળાની સ્થાપના કરી હતી અને જ્ઞાન પીરસવાનો આ મહાયજ્ઞ શરૂ કર્યો હતો.

શતાબ્દી વર્ષની ઉજવણી દરમિયાન યોજાયેલા શ્રેણીબધ્ધ કાર્યક્રમોનો એક કાર્યક્રમ શુક્રવાર, તા. ૫ જાન્યુઆરીના રોજ હતો. શારદામંદિર શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના તમામવિભાગો જેવાકે, બાલમંદિર, શિશુમંદિર, વિનયમંદિર, મોડર્ન સ્કુલ, મોડર્ન હાઈસ્કુલ વગેરેમાં ભણી રહેલા વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા લો ગાર્ડન ખાતે આવેલ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમઅગાઉ લગભગ ત્રણેક મહિનાથી જુદા જુદા વર્ગના અનેક વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ પરફોર્મન્સની પ્રેક્ટીસમાં રત થઈ ગયા હતાં. શાળાના શિક્ષણકાર્યને અસર ન થાય એ રીતે સમય અનુસાર વિદ્યાર્થીઓએ આશરે એકત્રીસ પરફોર્મન્સની પ્રેક્ટીસ અલગ અલગ જૂથમાં શરૂ કરી હતી.

સમગ્ર કાર્યક્રમબે ખંડમાં વહેંચવામાં આવ્યો હતો. સવારે નવ વાગ્યાથી બાર વાગ્યાનો સમય બાલમંદિર અને ધોરણ ૧ થી ૫ ના બાળકોના પરફોર્મન્સ માટે ફાળવવામાં આવ્યો હતો. અને મધ્યાંતર બાદ સાંજે ચાર વાગ્યાથી સાત વાગ્યા સુધીના સમયમાં ધો. ૬ થી ૧૨ ના બાળકો પોતાના પરફોર્મન્સ રજૂ કરવાનું નક્કી કર્યું હતું. કાર્યક્રમનિહાળવા માટે વાલીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતાં.

પાંચમી જાન્યુઆરીની સવારે કાર્યક્રમની ત્રીસ મિનીટ અગાઉ સૌ શિક્ષકો, બાળકો, વ્યવસ્થાપન સમિતિના વડીલો અને વાલીઓ લો ગાર્ડન ખાતે આવેલ ઠાકોરભાઈ દેસાઈ હોલમાં ઉપસ્થિત રહ્યા હતાં. બરાબર નવ વાગે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના સ્થાપક શ્રી ભોગીભાઈના પૌત્રી શ્રી રુદ્રાબેન અને શાળાના કાર્યાલયના કર્મચારીઓ શ્રી નાથુભાઈ, શ્રી સંગીતાબેન અને શ્રી પ્રણવભાઈ દ્વારા દીપ પ્રાગટ્યની પવિત્ર વિધિ સંપન્ન કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય વખતે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં યુ.એસ.એ.થી આવેલા શ્રી રુદ્રાબહેને શાળાના સંસ્થાપકો સાથે વિતાવેલા પોતાના બાળપણને સ્મર્યુ હતું અને લાગણીવશ તેમની આંખો ભીની થઈ ગઈ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના સંગીત શિક્ષીકા અને વિદ્યાર્થીનીઓ દ્વારા સમધુર સ્વરમાં શ્લોક અને પ્રાર્થનાનું ગાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં પ્રથમ ખંડમાં નીચેના કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં.

### ઋતુ પ્રમાણે ઉત્સવ ગીતો

આશરે સાત મિનીટના આ દીર્ઘ કાર્યક્રમમાં બાલમંદિરના તમામ બાળકોએ ભાગ લીધો હતો અને આખાય વર્ષ દરમ્યાન આપણા બાલમંદિરમાં ઉજવાતા તમામ તહેવારોની તેમાં ઝાંખી કરાવવામાં આવી હતી. રંગબેરંગી પોષાક પહેરી સાવ નાના બાળકોએ તેમાં ભાગ લીધો હતો. પ્રથમ વખત સ્ટેજ પર હોવા છતાં આશરે સાતસોથી વધુ પ્રેક્ષકો સમક્ષ, દરેક બાળકે ખૂબ જ સરસ રીતે કાર્યક્રમ પીરસ્યો હતો. પરફોર્મન્સ દરમ્યાન પ્રેક્ષકોમાં બેઠેલ પોતાના માતા પિતાને શોધતી કેટલાક બાળકોની નિર્દોશ આંખોએ સાચે જ ખૂબ મધુર દશ્ય ઉભું કર્યું હતું.

### બાળગીત

શારદામંદિર શાળા પાસે બાળગીતોનો એક સમૃદ્ધ વારસો રહેલો છે. અંગ્રેજી માધ્યમના ધોરણ ૧ થી ૩ના બાળકોએ શાળામાં ગવાતા બાળગીતોની ગુજરાતી માધ્યમના ધોરણ ૧ થી ૩ ના વિદ્યાર્થીઓ દ્વારા બાળગીત - 'મારા પ્રભુ તો નાના છે, દુનિયાભરના રાજા છે...' રજૂ કર્યું હતું. સૌ પ્રેક્ષકોએ પોતાના શાળા દરમ્યાન નિયમિત રીતે ગાયેલા આ ગીતની સ્મૃતિઓ તાજી કરી હતી.

### નાટક 'ઝમકુડી'

અંગ્રેજી માધ્યમના ધોરણ-પના વિદ્યાર્થીઓ દ્વારા 'ઝમકુડી કામકરે છે...' નાટક ભજવવામાં આવ્યું હતું. નાટકનો ધ્યેય સ્વાશ્રય, એ પરિશ્રમનું મહત્વ દર્શાવવાનો હતો. આપણા રોજીંદા કાર્યો માટે જો આપણે અન્ય પર આધારિત રહીએ તો તેનું કેવું પરિણામઆવે તે વસ્તુસ્થિતિને નાટક દ્વારા રજૂ કરવામાં આવી હતી. સૌ બાળકો અને વાલીઓ આ નાટક દરમ્યાન પેટ પકડીને હસ્યા હતાં.

### વિવિધતામાં એકતા

ભારત વિવિધતાનો દેશ છે. જુદા જુદા ભારતીય પ્રદેશોની વેશભૂષા અને સંસ્કૃતિની સંગીતમય રજૂઆત આ કાર્યક્રમદ્વારા કરવામાં આવી. અંગ્રેજી માધ્યમના ધો.૧ થી ૩ ના બાળકોએ વિવિધ વેશભૂષા ધારણ કરીને જે તે ભારતીય પ્રદેશોના પ્રાદેશિક ગીત સંગીત પર પરફોર્મન્સ આપ્યું હતું.

### નાતાલ ગીત

ગુજરાતી માધ્યમના ધોરણ ૩ ના બાળકોએ નાતાલનું સુંદર અભિનય ગીત રજૂ કરીને સર્વધર્મ સમભાવનો સંદેશ રજુ કર્યો હતો.

### શાકભાજીનું અભિનય ગીત

અંગ્રેજી માધ્યમના ધોરણ ૪ ના વિદ્યાર્થીઓએ જુદા જુદા શાકભાજીનો પરેહવેશ ધારણ કરીને એક અભિનય ગીત રજૂ કર્યુ હતું. જેના દ્વારા આપણા ખોરાકમાં શાકભાજીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

### એકપાત્રીય અભિનય

ગુજરાતી માધ્યમની ધો. ૨ માં અભ્યાસ કરતી નાનકડી દીકરીએ અહલ્યાબાઈનો એકપાત્રીય અભિનય કરી પોતાની સુંદર વાકછટાથી સૌના મનમાં દેશપ્રેમ અને જોશ ભરી દીધો હતો.

# અહેવાલ

**અભિનય ગીત**

ગુજરાતી માધ્યમના ધોરણ ૫ ના બાળકો દ્વારા 'પીળો પતંગ મારો પીળો પતંગ.....' ગીતની પતંગ હાથમાં રાખીને અભિનય સાથે સુંદર રજુઆત કરવામાં આવી હતી.

**રાસ**

આપણી શાળામાં ગરબા અને રાસ એક ખૂબ લોકપ્રીય સાંસ્કૃતિ માધ્યમ રહ્યું છે. 'મથુરામાં ખેલ ખેલી આવ્યા, હો શ્યામ...' ગીત પર અંગ્રજી માધ્યમના ધોરણ ૬ થી ૭ ના વિદ્યાર્થીઓએ રાસ રજૂ કર્યો હતો.

**ગરબો**

ગુજરાતી માધ્યમના ધોરણ ૪ ના વિદ્યાર્થીઓ દ્વારા 'ઓ રંગ રસીયા...' ગીત પર સુંદર ગરબો રજૂ કરવામ આવ્યો હતો.

**ગીત**

ગુજરાતી માધ્યમના ધોરણ ૪ ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રચલીત ગીત 'ગોતી લો...'ની રમઝટ બોલાવવામાં આવી હતી.

સૌ પ્રેક્ષકોએ તમામ પરફોર્મન્સને મનભરીને માણ્યા હતાં. ભોજનના વિરામબાદ ધો.૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ બપોરે ચાર વાગ્યાથી સાત વાગ્યાના સમય દરમ્યાન નીચેના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

**ભરતનાટ્યમ**

પગમાં બાંધેલ ઘૂંઘરુના ધ્વનિ અને પગની થાપથી સમગ્ર હોલ ગૂંજી ઉઠ્યો હતો.

**નાટક**

ગુજરાતી માધ્યમના ધોરણ ૬ ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિનું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તમામ પ્રેક્ષકો વીરરસમાં તરબોળ થઈ ગયા હતાં.

**ઘૂમર નૃત્ય અને ગરબો**

ગુજરાત માધ્યમની ધોરણ ૬ ની વિદ્યાર્થીનીઓએ ઘૂમર નૃત્ય અને ધોરણ ૮ની વિદ્યાર્થીનીઓએ સુંદર ગરબો રજૂ કર્યો હતો.

**હીપહોપ ડાન્સ**

અંગ્રેજી માધ્યમના ધોરણ ૭ ના વિદ્યાર્થીએ દેશભક્તિના ગીત ઉપર હીપહોપ ડાન્સ રજૂ કર્યો હતો. આ દરમ્યાન વિદ્યાર્થીની ગજબની ઝડપ અને સમતોલતાએ સૌનું મન મોહી લીધું હતું.

**આર્મી ડાન્સ**

અંગ્રેજી માધ્યમના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓએ દેશની રક્ષા કાજે શહીદ થયેલા જવાનને રજૂ કરતું એક અભિનય ગીત રજૂ કર્યું હતું. ઘણા પ્રેક્ષકોએ આ સમયે દેશ પ્રત્યેની ખુમારીભર્યા આંસું અને નૃત્યને નિહાળ્યું હતું.

**સમૂહગીત**

ગુજરાતી માધ્યમના ધોરણ ૯ થી ૧૧ ની વિદ્યાર્થીનીઓએ ભારત વિકાસ પરિષદમાં રજૂ કરેલ ગીતની પ્રસ્તુતિ કરી હતી.

**નૃત્ય**

અંગ્રેજી માધ્યમની ધોરણ ૯ ની વિદ્યાર્થીનીઓને 'રણછોડ રંગીલા....' ગીત પર જોશીલું નૃત્ય રજૂ કર્યું હતું.

**અભિનય ગીત**

અંગ્રેજી માધ્યમની ધોરણ ૮ની વિદ્યાર્થીનીઓએ મહાભારતના શીર્ષક ગીત ઉપર સુંદર ગીત અને અભિનય રજૂ કર્યો હતો.

**મ્યુઝિકલ બેન્ડ**

સંગીત શિક્ષિકાના નેતૃત્વ હેઠળ જુદા જુદા ધોરણના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ હાર્મોનિયમ, કેસિયો, વાંસળી, મંજીરા, તબલા વગેરે વાજિંત્રો સાથે 'અચ્યૂતમ કેશવમ....' ગીતની સુમધુર રજૂઆત કરી હતી.

**લોકગીત**

ગુજરાતી માધ્યમની ધોરણ ૧૧ ની વિદ્યાર્થીનીઓ દ્વારા લોકગીત 'ગીરી પૂનમ'ની રજૂઆત કરવામાં આવી હતી.

**અભિનય નૃત્ય**

અંગ્રેજી માધ્યમની ધોરણ ૧૧ ની વિદ્યાર્થીનીએ 'સૂનો ગૌર સે દુનિયાવાલો.....' ગીત ઉપર સુંદર નૃત્ય રજૂ કર્યું હતું.

**મ્યાન નૃત્ય**

અંગ્રેજી માધ્યમના ધોરણ ૮ અને ૯ ના વિદ્યાર્થીઓએ હાથમાં મ્યાન ધારણ કરી એક જોશીલા ગીત ઉપર નૃત્ય રજૂ કર્યું હતું.

**લોકગીત**

ગુજરાતી માધ્યમની ધોરણ ૯ ના વિદ્યાર્થીઓએ 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.....' ગીત ગાઈને વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું.

અંગ્રેજી માધ્યમની ધોરણ ૧૧ ની વિદ્યાર્થીનીએ ગીટારના સુંદર સાજ પર મેલોડી ગીતો વગાડી પ્રેક્ષકોને ઝુમવા મજબુર કરી દીધા હતાં.

**કરાઓકે ગીત**

ગુજરાતી માધ્યના ધોરણ ૬ ના વિદ્યાર્થીએ પોતાના મધુર કંઠમાં 'જીના યહાં મરના યહાં.....' ગીત ગાઈને સૌને ડોલાવ્યા હતાં.

**ગરબો**

ગુજરાતી માધ્યમની ધોરણ ૯ અને ૧૧ ની વિદ્યાર્થીનીઓએ આપણી શાળાનો ખૂબ પ્રચલીત ગરબો 'એવા આવે છે શારદાના...' રજૂ કર્યો હતો.

**ભવાઈ**

કાર્યક્રમના અંતમાં અંગ્રેજી માધ્યમના શિક્ષકમિત્રોએ રંગલા અને રંગલીના પરિધાનમાં રજૂ કરીને ગ્રામ્ય અને શહેરી સંસ્કૃતિ અને તેમાં રહેલા તફાવતને હૂબહૂ રજૂ કર્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન આપણી શાળાના શિક્ષિકા શ્રી વનિતાબેન પટેલે ખુબ સુંદર રીતે સમયસર પાર પાડયું હતું. મેનેજમેન્ટ અને ટ્રસ્ટી મંડળના વડીલશ્રીઓએ કાર્યક્રમમાં હાજર રહીને સૌ બાળકોને ખૂબ પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. સાઉન્ડ અને ઓડિયો-વિડીયો રેકોર્ડીંગની જવાબદારી શ્રી ઋષયભાઈ અને શ્રી હિલ્પનભાઈએ નિભાવી હતી. શિક્ષણ અને આપણી શાળા પ્રત્યેની અથાગ લાગણીને કારણે આખાય દિવસ માટે ઠાકોરભાઈ દેસાઈ હોલ 'સ્પોન્સર' કરવા બદલ શ્રી ક્ષિતીજભાઈ મદનમોહનનો શાળા હૃદયપૂર્વક આભાર માને છે.

શારદામંદિર શાળાના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખતા આ સફળ કાર્યક્રમને સૌ વિદ્યાર્થીઓ, વાલીઓ અને કર્મચારીગણે મનભરીને માણ્યો હતો. સૌ એક અવિસ્મરણીય સાંજને મનમાં સમાવી છૂટા પડ્યા હતાં.

**-સાકેત દવે**

**(શારદામંદિર મોડર્ન હાઈસ્કુલના આચાર્ય તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી)**

# શાળાનું ગૌરવ

## યશ સોનીને યશ

શારદામંદિર શાળાના અનેક ભૂતપૂર્વ શિષ્યો આજે વિવિધ ક્ષેત્રોમાં પોતાની કારકિર્દી ઘડીને ઝળકી રહ્યા છે. એમાંના યશ સોની (વર્ષ-૨૦૧૨) નો ઉલ્લેખ એટલા માટે કરવો પડે કે તેઓ વર્તમાન ગુજરાતી ફિલ્મઈન્ડસ્ટ્રીના એક ઉભરતા સિતારા છે. વર્ષોથી ચાલતી આવતી ગુજરાતી ફિલ્મ અને નાટકની પરંપરામાં થોડા વર્ષોથી ઝાંખપ વર્તાતી હતી. હવે ફરીથી આળસ મરડીને, ખૂબ મહેનત કરીને ઉભી થઈ રહેલી આ પરંપરામાં આધુનિકતાઓ સ્પર્શ દેખાવા માંડ્યો છે. માત્ર ગ્રામ્ય વાતાવરણને રૂપેરી પડદે જોઈને ભાવકોને જે રસમૂર્છા અનુભવાતી હતી તેમાંથી નવી તરાણે તરફ ગતિ કરવાની અભિલાષા આ ક્ષેત્રે સૌને છે. આપણી શાળાને યશ માટે ગર્વ એટલા સારુ થાય કે તેનામાં રહેલી અભિનયક્ષમતા રંગ લાવી રહી છે. એક ઉભરતા કલાકારમાંથી સન્નિષ્ઠ કલાકાર તરીકેની વ્યાખ્યામાં એ બંધ બેસે છે. યશનો સહજ અભિનય, તેની અભિવ્યક્તિ, આંગિકમવાચિકમ અભિનય અને સંવાદ પ્રસ્તુતિ ફિલ્મના કાયાકલ્પમાં નિમિત્ત બને છે.

અભિનયની ઊંડી સૂઝ ઉપરાંત યશ આધુનિક મુક્ત નૃત્યને પણ સમજી શક્યો છે. ગુજરાતી ફિલ્મના આ સુવર્ણયુગમાં આપણને સૌને ગૌરવ અપાવતી શ્રેષ્ઠ ફિલ્મોમાં યશનું અપ્રતીમ પ્રદાન છે. ‘છેલ્લો દિવસ’, ‘નાડીદોષ’, ‘ત્રણ એક્કા’, ‘ફક્ત મહિલા માટે’ જેવી અનેક લોકપ્રિય ફિલ્મોમાં તેની અભિનયકળાની અદ્‌ભુત ઓળખ છતી થઈ છે.

ફિલ્મોના નવીનીકરણના પ્રયોગમાં તે સતત પ્રવૃત્ત રહે, શાળાને, પરિવારને અને પોતાને પોતાની સાધના થકી યશ અપાવે એવી યશ સોનીને શુભેચ્છા.

- શારદામંદિર પરિવાર

## પૂર્ણ મહેતાની પૂર્ણતા

‘ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ નો અણમોલ મંત્ર વૈશ્વિક ફલક પર પ્રસરાવનાર સ્વામી વિવેકાનંદના જન્મદિવસે જ જન્મેલો પૂર્ણ વર્ષ ૨૦૦૬માં શારદામંદિરમાં દાખલ થયો. સામાન્ય જ્ઞાન અને ટેકનિકલ ક્ષેત્રે જ્ઞાનપિપાસુ પૂર્ણ દરેક વેકેશનમાં કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના જુદા જુદા પ્રકલ્પોમાં જોડાતો.

**શાળેય પ્રવૃતિ અંતર્ગત એણે...**

- ધો.૯ અને ધો.૧૧માં વિજ્ઞાનમેળામાં ભાગ લીધો અને અમદાવાદની શાળાઓમાં તેણે પ્રથમ સ્થાન મેળવ્યું.
- ધો.૧૦માં કોઈપણ ટ્યૂશન લીધા વિના પૂર્ણે સ્વમહેનતથી નેવું ટકા મેળવ્યા. જેમાં શાળાના શિક્ષકોનું માર્ગદર્શન કારકિર્દી ઘડવામાં નિમિત્ત બન્યું.
- ધોરણ દસના વેકેશનમાં તેણે રોબો બનાવ્યો.
- ધોરણ બાર ના વેકેશનમાં નેશનલ એસોસીએશન ઓફ રોકેટરી એન્યુઅલ મીટ-૫૫ અન્વયે એ રોકેટ સ્પર્ધામાં ઓહાયો (અમેરિકા) ગયો. તેમાં ‘સોલિડ ફ્યૂઅલ રોકેટ મોડેલ’ કેટેગરીમાં વિશ્વસ્તરે સાતમો નંબર લાવ્યા.
- વિશ્વકર્મા સરકારી એન્જિનિયરીંગ કોલેજમાં ‘લાઈન ફોલોઅર’ પોતે જ પ્રોગ્રામિંગ કરીને બનાવ્યો. ગુજરાતની અન્ય ઈજનેરી કોલેજો માટે ‘ટેકફેસ્ટ’ સ્પર્ધાનું આયોજન કર્યું.
- B.E.(E.C.) ની ડીગ્રી લઈને તે ઉચ્ચ અભ્યાસઅર્થે (ઈન એમ્બેડેડ સિસ્ટમ) કરવા તે બોલ્ડર યુનિર્વસીટીમાં દાખલ થયો. ત્યાં પૂર્ણએ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી GPA પ્રાપ્ત કર્યો.
- તંદુરસ્તી માટે વિટામીન-એ ની મહત્તા સમજી પૂર્ણ એ લોહી લીધા વિના વિટામીન-એ ની ઉણપ શોધવાનું મશીન વિકસાવ્યું છે. આ મશીનને કારણે રાત્રે થતાં ૨૫ થી ૫૦% અકસ્માતોને અટકાવી શકાય. દેશના અંદાજે એક લાખ કરોડ રૂપિયા પણ બચી જાય.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપભાઈ માવળંકરના સૂચનથી પૂર્ણએ પંખાની ગતિમાં આપમેળે વધઘટ થયા કરે તેવું રેગ્યુલેટર બનાવ્યું.
- વર્તમાનમાં પૂર્ણ લ્યૂસિક મોટર્સ, કેલિફોર્નિયા, અમેરિકા ખાતે બેટરી એન્જિનિયર તરીકે પ્રવૃત્ત છે.


- શુભેચ્છા શારદામંદિર પરિવાર

## Modern School & Modern Highschool

**Various activities run in the school for holistic development of the child:**

- Cricket
- Football
- Volleyball
- Music
- Physical Education
- Yoga
- Handwriting Competition
- Mehndi Competition
- School Logo Making Competition
- Invitation Card Making Competition
- Panchajiri Competition
- Rakhi Making Competition
- Parna Decoration Competition
- Rangoli Competition
- Aarti Thali Decorating Competition
- Elocution Competition
- Diya Making Competition
- Various Quiz Competitions
- Independence Day And Republic Day Celebrations and Flag Salute
- Krishna Birth Festival
- Science Fair
- Science Workshop
- Drug Free Campaign
- Creation of Literature Wall
- Literary Festival
- Various Seminars
- Vaccination Camp
- Bagless Day








Our school celebrated 'World Yoga Day' On $21^{st}$ June 2024. On this auspicious day our yoga teacher taught our students how to perform Yoga in a proper way.





Our school celebrated “Praveshotsav" on $27^{th}$ June. Our students performed 'Garba' and other activities in the presence of distinguished guests. The well-known IPS officer Mr. Abhaybhai D. Chudasama Saheb and other DEO officers Mr. B. M. Soni, Mr. Snehaben, Mr. Meenakshiben, Mr. Shrenikbhai etc. visited the school.

Our school organised a drawing competition on $7^{th}$ August, 2024. Our students participated in it with zeal and enthusiasm. The winners of the Competitions are…
(i) Darshan (ii) Parmar Dristi (iii) Pandya Dhruvi

Our school organised a 'Rangoli Competition' on $10^{th}$ August, 2024. Students participated in it with lots of enthusiasm. The theme of the competition was “Shatabdi Varsh”. Prizes were distributed by our old student Atitbhai Purani. The following students were the winners of the competition.
(i) Navy (ii) Nancy (iii) Shivani





The students of 1 to 5 celebrated 'Guru Purnima' on $20^{th}$ July with lots of enthusiasm. "Bharat Vikas Parishad” organised programme of 'Guru Pujan' on this auspicious day.

# Modern School & Modern Highschool



On 4th August, 2024, 'Bharat Vikas Parishad' organised competition of "Vande Mataram Song". Our school student secured third position in it.



On 11th August, 2024, on completion of 100 years of our school, 'Foundation Day' was celebrated with great joy by all the family of the school. All the students were gifted with a Tulsi plant by the school.

The students celebrated "The Teacher's Day" on 5th September. The students performed as a teacher on this day and learnt the lesson of teaching. On the occasion, Nirbhaya team of Gujarat Police visited the school and greeted the teachers.



During the term, our school organised workshops for Science and Mathametics. The students participated in various programs such as My Own Telescope, Model Rocketry, Exploring Advanced Mathematics, Microscopy etc. with practical experiences by making models and doing activities.



Our students showcased their scientific and mathematical ingenuity in the Science Fair organised in Trility school. They participated with a variety of engaging projects guided by our expert Maths and Science teachers. The following students participated in this program:
(i) Sneha (ii) Mahi (iii) Anshika







Bagless Day

Our school initiated 'Bagless day' as per the guidelines of New Educational Policy. Our students are learning a lot by practical experiences. The following activities are performed during the bagless days : (a) Music (b) Yoga (c) Scissor work (d) Listening story (e) Watching educational video (f) Playing educational games (g) Participating in Quiz (h) Performing drama (i) Cutting/Pasting activities (j) Drawing (k) Outdoor sports (l) Meditation (m) Collage work (n) Clay work (o) Wall and hanging art



Assembly

We are organising assembly for the all round development of our students. Our students are leaning a lot from activities during the assembly. The following activities are regularly performed during the assembly hours in a week. (i) Drama Competition (ii) Elocution Competition (iii) Dance performances (iv) Festival celebrations etc.

## School Activities



With a cooperation of Gujarat Police, a workshop for self defence was organized for the girls of our school.


Our expert science teachers were invited by the education board as judges for science fair held in municipal school.





NCC and Scout activities are running in our school.

## CONGRATULATION



The Central Board of Cricket, Ahmedabad has organised an Award Ceremony for those who have achieved milestone in the CBCA Tournament.

Former Sudent of our School **Emile Harry** will be awarded for Best Bowler, who took 11 wickets in 3 Matched of Under-19 One Day Tournament of CBCA 2022-23. Apart from this, his college “Shri Narayana College of Commerce” was champion in the Inter College Tournament and in Final Match Emile was the man of Match by taking 5 wickets.

## અભિનંદન





તા.૧૬/૧૧/૨૦૨૪ અને ૧૭/૧૧/૨૦૨૪ના રોજ સ્કાઉટ ગાઈડ રીફરેશન કોર્સમાં શાળાના શિક્ષકોએ ભાગ લીધો જેમાં અમદાવાદ શહેરના ૧૦ સ્કાઉટ માસ્ટર અને ગાઈડ કેપ્ટનને સારા પરફોર્મન્સ માટે બિરદાવવામાં આવ્યા જેમાં આપણી શાળાના શિશુમંદિર વિભાગના શિક્ષીકા શ્રી રોમાબેન પટેલનો પણ સમાવેશ થયો હતો તે બદલ તેઓને ખૂબ અભિનંદન.

# શારદામંદિર સ્માર્ટ એકેડમી





શારદામંદિર હંમેશા બાળકના સર્વાંગી વિકાસને અનુલક્ષીને વિવિધ શૈક્ષણિક આયોજનો કરતું રહે છે. બાળકને ભણતરની સાથે ગણતર પણ પ્રાપ્ત થાય. બાળક પોતાના ભવિષ્યનું શ્રેષ્ઠ ચણતર કરી શકે તે હેતુથી આપણી શાળાએ 'શારદામંદિર સ્માર્ટ એકેડમી'ની રચના કરી છે. આ એકેડમી દ્વારા બાળકો પરંપરાગત અભ્યાસ ઉપરાંત રમતગમત, સંગીત, કલા, ટેકનોલોજી વગેરે જેવા જીવનોપયોગી જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

પાઠ્યક્રમ અનુસાર શાળાના ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શાળાની ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં પ્રાયોગિક કાર્ય કરી પોતાના આ વિષયોનો અભ્યાસ કરતા હોય છે. શાળાના અન્ય વર્ગોના વિદ્યાર્થીઓને પણ તેમના વિષયો અંગેના પ્રાયોગિક કાર્યો કરવા મળે, પ્રવૃત્તિમય શિક્ષણ દ્વારા તેઓ દરેક વિષયને સાહજિકતાથી સમજે, મોડેલ બનાવી જે તે વિષય તથા મુદ્દાને બારીકાઈથી આત્મસાત કરે તે હેતુથી શારદામંદિર ટ્રસ્ટ દ્વારા આઠેક મહિના પહેલા 'શારદામંદિર સ્માર્ટ એકેડમી'ની સ્થાપના કરવામાં આવી છે.

આ અન્વયે શાળામાં વિક્રમએ. સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના સહયોગથી એક સાયન્સરૂમ બનાવવામાં આવ્યો છે. જેમાં ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ખગોળ શાસ્ત્ર, એરોડાયનેમિક્સ વગેરે વિષયોને લગતા અનેક પ્રાયોગિક સાધનો અને મોડેલ રાખવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પોતાની જાતે પ્રયોગો કરી શકે તે માટે ઘણી DIY (Do it Yourself) કીટ પણ અહીં વસાવવામાં આવી છે.

સમયાંતરે શારદામંદિર સ્માર્ટ એકેડમી દ્વારા બાળકો માટે વિવિધ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા આઠ મહિના દરમ્યાન શારદામંદિર સ્માર્ટ એકેડમી દ્વારા યોજવામાં આવેલ ટૂંકા સમયના કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે :

**(1) Maths-Science Workshops :** મે ૨૦૨૪ના ઉનાળાના વેકેશન દરમ્યાન આપણી અને અન્ય શાળાના જુદાજુદા વર્ગોના ૮૨ વિદ્યાર્થીઓ માટે છ-છ કલાકના નીચેના વર્કશોપ રાખવામાં આવ્યા હતાં. જેના દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના વર્ગકાર્ય દરમ્યાન શીખવવામાં આવતા વિષયોનું બિનપરંપરાગત અને પ્રયોગાત્મક રીતે જ્ઞાન મેળવ્યું. આ વર્કશોપ આપણી શાળાના શિક્ષકો આશિષભાઈ, દુર્ગાબેન, દિક્ષીતભાઈ, હિમાનીબેન, ભાર્ગવભાઈ, ફાલ્ગુનીબેન દરજી, હેતલબેન, ગોપાલભાઈ અને ચિરાગભાઈ દ્વારા લેવામાં આવ્યા હતાં.

- **Fun with Mathematics** : ગણિતના આ વર્કશોપમાં ફ્રેક્શન-સ્ટ્રીપ અને લાઈન ઓફ સિમેટ્રીની સમજ આપવામાં આવી અને સન ડાયલ અને મેજિક બોક્સના મોડેલ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી.

-**Exploring Advanced Mathematics** : વિદ્યાર્થીઓએ ત્રિપરિમાણીય આકારોના મોડેલ બનાવવાની અને પ્રયોગાત્મક રીતે વિવિધ ગાણીતીક સુત્રોનો ઉકેલ મેળવવા અંગેનો અભ્યાસ કર્યો.

- **Mathemagic** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ગાણિતીક કોયડા, ગાણિતીક સમીકરણો અને વિવિધ આકારો અંગેની સમજ પ્રવૃત્તિ અને મોડેલ બનાવીને મેળવી.

- **My Own Telescope** : ખગોળશાસ્ત્રને સંબંધિત આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ પ્રકાશ, માનવ-આંખ, ચંદ્ર અને નક્ષત્રો વિષે ઓડિયો-વિઝ્યુઅલ માહિતી મેળવી અને ટેલિસ્કોપના મોડેલની રચના કરી.

- **Model Rocketry** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ રોકેટ બનાવી મૂળભૂત માહિતી અને તેના ઈતિહાસ વિશેની જાણકારી મેળવ્યા બાદ પેપર રોકેટની રચના કરી તથા સેટેલાઈટનું મોડેલ બનાવ્યું. પાણીની બોટલમાંથી બનાવેલ રોકેટને વિદ્યાર્થીઓએ લોન્ચપેડ મારફતે હવામાં પણ ઉડાવ્યા.

- **Biofun** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ આહાર આહાર પિરામીડનો અભ્યાસ કર્યો. માનવશરીરના વિવિધ અંગોના ચાર્ટ બનાવ્યા, રુધિરાભિસરણ તંત્ર વિષે માહિતી મેળવી તથા માઈક્રોસ્કોપ દ્વારા પર્ણની આંતરિક રચનાનો અભ્યાસ કર્યો.

**Exploring Microworld** : વિદ્યાર્થીઓએ આ વર્કશોપમાં માઈક્રોસ્કોપની સંરચના વિષે માહિતી મેળવી તથા જાતે

## શારદામંદિર સ્માર્ટ એકેડમી





ડુંગળીના કોષની સ્લાઈડ બનાવીને તેને માઈક્રોસ્કોપમાં નિહાળી.

**(2) Maths-Science Workshops** : સપ્ટેમ્બર ૨૦૨૪માં શારદામંદિર સ્માર્ટ એકેડમી દ્વારા ફરી ગણિત અને વિજ્ઞાનને લગતા વર્કશોપ યોજવામાં આવ્યા, જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ દરમ્યાન મોડેલ રોકેટરી અને માય ઓન ટેલિસ્કોપ કાર્યક્રમો અન્ય વિદ્યાર્થીઓ સાથે પુનરાવર્તિત કરવામાં આવ્યા તથા નીચે જણાવેલ અન્ય નવા વર્કશોપ પણ રજૂ કરવામાં આવ્યા. આ વર્કશોપના વર્ગો આશિષભાઈ, દુર્ગાબેન, હિનાબેન, ગોપાલભાઈ, હેતલબેન, હિમાનીબેન, ભાર્ગવભાઈ અને હાર્દિકસર દ્વારા લેવામાં આવ્યા હતાં :

**- Microscopy** : વિદ્યાર્થીઓએ માઈક્રોસ્કોપ અંગે પરિચય મેળવવા ઉપરાંત બ્રેડમાં રહેલી ફૂગ, પર્ણની આંતરિક રચના અને લીલને માઈક્રોસ્કોપમાં નિહાળી.

**-Unlocking Vedic Maths** : વિવિધ ગણતરીઓને સરળ અને ઝડપી બનાવવા વેદિક ગણિતના જરૂરી સુત્રો જેવાકે 'એકાધીકેના પૂર્વેણા' (પહેલા કરતા એક વધારે અને તથા એક વડે), 'નિખિલં નવતશ્ચ્રમં દશતઃ' (બધા ૯ માંથી અને છેલ્લો ૧૦ માંથી), 'ઉર્ધ્વતિર્યગ્ભ્યામ્' (ઉભા અને આડા ગુણાકાર), 'પરાવર્ત્ય યોજયેત્' (ક્રમની અદલા-બદલી કરો) અને 'ગુણિતસમચ્ચ્યઃ' (સરવાળાનો ગુણાકાર) નો અભ્યાસ અને મહાવરો કર્યો.

**(3) Art Programms** : ઓક્ટોબર ૨૦૨૪માં દિવાળી વેકેશન દરમ્યાન નાની વયના બાળકો માટે કલા અને સંગીત માટેના વર્ગોનું આયોજન કરવામાં આવેલ. આ વર્ગો શ્રુતિબેન, દિપાલીબેન, રિદ્ધિબેન, હેતલબેન, દિશાબેન, નિશાબેન અને મેઘાબેન દ્વારા લેવામાં આવ્યા હતાં.

**- Dramatic Dynamics** : આ વર્કશોપમાં બાળકોએ અભિનય, વાર્તા કથન, સંવાદ, સ્ટેજ પરફોર્મન્સ, એકપાત્રીય અભિનય, સ્કીટ વગેરે અંગેનો અભ્યાસ કર્યો અને અંતિમ દિવસે વાલીઓ સમક્ષ શીખેલા કૌશલ્યની રજૂઆત પણ કરી.

**- Glass Glaze** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ગ્લાસ પેઈન્ટીંગ અને કલાડી આર્ટનો અભ્યાસ કરીને સુંદર ઓબ્જેક્ટસ બનાવ્યા.

**- Harmony** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ સ્વર અને અલંકારની મદદથી સંગીતનું મૂળભૂત જ્ઞાન મેળવ્યું. વિદ્યાર્થીઓએ બાળગીત અને પ્રાર્થનાનું ગાન કર્યું તથા હાર્મોનિયમ વગાડવાનો પણ મહાવરો કર્યો.

**- Resin Revolution** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ રેઝિન આર્ટની મદદથી પોતાના નામના અક્ષરો બનાવી કી-ચેઈન બનાવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ફોટોફ્રેમ, ફેમીલી ફોટોગ્રાફ અને વોલ હેન્ગિંગ આર્ટની રચના કરી.

**- Lippan Legacy** : આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ MDF પર સુશોભન કરીને વોલ હેન્ગિંગ બનાવ્યા તથા ફોટોફ્રેમનું સુશોભન કર્યું હતું.

**(4) 3D Show** : આ કાર્યક્રમઅન્વયે આપણી શાળાના ૫૧૯ બાળકોને ચંદ્રયાન, ડાયનાસોર અને શાર્ક માછલીની માહિતી રજૂ કરતો શૈક્ષણિક ત્રીપરિમાણીય શો દર્શાવવામાં આવ્યો. ત્રીપરિમાણીય ચશ્માં પહરીને બાળકોએ કાર્યક્રમને ખૂબ માણ્યો.

**(5) Wealth Wisdom** : ડિસેમ્બર ૨૦૨૪માં આપણી શાળાના પૂર્વ વિદ્યાર્થી આશિષભાઈ શાહ દ્વારા ધોરણ ૮ થી ૧૨ના ૨૨ વિદ્યાર્થીઓને વાણિજ્ય બજારનો પરિચય, સ્ટોક અને બોન્ડ વિશે સમજ, મ્યુચ્યુઅલ ફંડનો પરિચય, વાણિજ્ય બજારમાં જોખમો અને પુરસ્કાર, વહેલી બચતના ફાયદા વગેરે જેવા મુદ્દાઓ પર પ્રવૃત્તિમય શિક્ષણ આપ્યું. ૭ કલાકના આ વર્કશોપ બાદ વિદ્યાર્થીઓએ વાણિજ્ય ક્ષેત્ર અંગે ખૂબ મહત્વની માહિતી મેળવી.

**(6) Young Science Innovators** : વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા એક વર્કશોપ અને ટેસ્ટ દ્વારા આપણી શાળાના ધોરણ-૭ના ૨૫ વિદ્યાર્થીઓને એક વિશેષ કાર્યક્રમ માટે પસંદ કર્યા હતાં. આ વિદ્યાર્થીઓને હાલમાં તેમના રસ અનુસાર વિજ્ઞાનનો પ્રોજેક્ટ બનાવી તેને રજૂ કરવા સુધીના તમામ પગલાંઓનો અનુભવ લીધો. સમગ્ર કાર્યક્રમ શ્રીમતી મીનલબેનની આગવી દેખરેખ હેઠળ યોજાઈ રહ્યો છે.

'શારદામંદિર સ્માર્ટ એકેડમી' દ્વારા લાંબા ગાળના શૈક્ષણિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે હાલ નીચેના કાર્યક્રમો શાળામાં ચાલી રહ્યા છે. વાલીશ્રી પોતાના

## શારદામંદિર સ્માર્ટ એકેડમી

બાળકને આ પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લેવડાવી બાળકના સર્વાંગી વિકાસમાં સહભાગી બને તેવી અપેક્ષા.

**(1) English Speaking :** વિશ્વભાષા અંગ્રેજી પર પ્રભુત્વ મેળવી બાળકો આ ભાષાને પોતાની રોજિંદી જીંદગીમાં સરળતાથી બોલતા થાય તે માટે 'શ્રી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા રચિત પાઠ્યક્રમનો ઉપયોગ કરીને આપણા ૧૨૧ વિદ્યાર્થીઓ આપણી જ શાળાના શિક્ષકો સ્માર્ટ બોર્ડ પર ઓડિયો વિઝ્યુઅલ અભ્યાસ કરાવી રહ્યા છે. બાળકો એકબીજા સાથે અને પોતાના પરિવાર સાથે અંગ્રેજીમાં વાતચીત કરીને અંગ્રેજી બોલવાનો મહાવરો કરી રહ્યા છે. આ વર્ગો આપણી શાળાના શિક્ષિકા પૂર્વાબેન અને ફાલ્ગુનીબેન દ્વારા લેવામાં આવી રહ્યા છે.

**(2) Kathak :** નૃત્ય દ્વારા શારીરિક સ્વસ્થતા, માનસિક સમતોલન, ધ્યેય પ્રત્યેની એકાગ્રતા વગેરેમાં ખૂબ સકારાત્મક સુધારો જોવા મળે છે. આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને જાણીતા કોરિયોગ્રાફર તથા ડાન્સર શ્રી વૈશાલીબેન ત્રિવેદી દ્વારા કથકના વર્ગો શરુ કર્યા છે. છ મહિનાના વર્ગોમાં આપણી શાળાની દીકરીઓ કથક નૃત્ય શીખી રહી છે.

આવનાર સમયમાં પણ શારદામંદિર સ્માર્ટ એકેડમી દ્વારા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ઘડવામાં મદદરૂપ થાય તે પ્રકારના અનેક કાર્યક્રમો યોજવાનું આયોજન છે. બાળકોના વિશેષ ઘડતર માટે શાળાએ ઉપાડેલ આ વિશિષ્ટ ઝુંબેશમાં સૌ વાલીમિત્રોનો આવો જ સુંદર સહકાર કાયમ મળી રહેશે તેની ખાતરી છે.

- સાકેત દવે

## શિશુમંદિર વિભાગ

**બાળકના સર્વાંગી વિકાસ અર્થે શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ :**

ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ, સંગીત, શારીરિક શિક્ષણ, યોગ, હેન્ડરાઈટીંગ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, સ્કૂલ લોગો બનાવવાની સ્પર્ધા, આમંત્રણ પત્રિકા બનાવવાની સ્પર્ધા, પંચાજીરી સ્પર્ધા, રાખડી બનાવવાની સ્પર્ધા, પારણા સુશોભન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, આરતી થાળી સુશોભીત કરવાની સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, દીવડા બનાવવાની સ્પર્ધા, વિવિધ ક્વિઝ સ્પર્ધા, સ્વાતંત્ર્ય દિવસ અને ગણતંત્ર દિવસની ઉજવણી અને ધ્વજ વંદન, કૃષ્ણ જન્મોત્સવ, વિજ્ઞાન મેળો, સાયન્સ વર્કશોપ, નશામુક્તિ અભિયાન, સાહિત્ય દિવાલની રચના, સાહિત્યોત્સવ, વિવિધ સેમીનાર, રસીકરણ, બેગલેસ દિવસ, ગરબા, નાતાલની ઉજવણી, સલાડ સુશોભન સ્પર્ધા, સાથીયા બનાવવાની સ્પર્ધા, વાર્તા કથન, શૈક્ષણિક વિડીયો, સ્માર્ટ બોર્ડ પર શિક્ષણ, એન.સી.સી., સ્કાઉટ, તોરણ સ્પર્ધા, પતંગ બનાવવાની સ્પર્ધા, વૃક્ષારોપણ, ચિત્રની એલિમેન્ટ્રી અને ઈન્ટરમીડીએટની પરીક્ષાઓ.

ગત ૨૭મી જૂને આપણી શાળામાં યોજાયેલ પ્રવેશોત્સવમાં વિદ્યાર્થીઓએ પોતાની કલા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ સૌને મંત્રમુગ્ધ કર્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ થયું હતું. કાર્યક્રમમાં જાણીતા આઈપીએસ અધિકારી શ્રી અભયભાઈ ડી. ચુડાસમા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીથી કાર્યક્રમની શોભા વધી હતી.

આપણી શાળામાં તા. ૬જુલાઈ, શનિવારના રોજ શાળા સમય દરમ્યાન સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૧૧.૩૦ સુધી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી ગીત-સંગીતના જાણીતા કલાકારો અર્ચન ત્રિવેદી તથા શ્યામલ-સૌમિલ દ્વારા આ કાર્યક્રમની સુંદર રજુઆત કરવામાં આવી હતી. 'વટ્ટથી ગુજરાતી' આપણી માતૃભાષા ગુજરાતી અને તેની સાથે સંકળાયેલ સંગીત અને સાહિત્ય માટેની અભિરુચિ આપણા સૌમાં કેળવાય તથા સૌ કોઈ એને જાણતા અને માણતા થાય તે માટે વિશેષરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓએ ૨૦મી જુલાઈના રોજ અત્યંત ઉત્સાહથી 'ગુરૂ પૂર્ણિમા'ની ઉજવણી કરી. 'ભારત વિકાસ પરિષદ' આયોજિત, આ શુભદિવસે 'ગુરુ પૂજન' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી.

આપણી શાળામાં ૩૦ જુલાઈના રોજ લાયન્સ ક્લબ ઓફ સેટેલાઈટના સહયોગથી વૃક્ષારોપણનો એક ઉત્સવ મનાવવામાં આવ્યો. શાળાના બાળકો અને શિક્ષકોએ મળીને વિવિધ પ્રકારનાં વૃક્ષો રોપ્યા. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને હરિયાળી વધારવાનો ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો.

તા.૨૭-૭-૨૦૨૪ના રોજ યોજાયેલી અખિલ હિન્દ મહિલા પરીષદની નિબંધ સ્પર્ધામાં ધોરણ-૬ ની બથવાર માહી , ધોરણ-૮ ની જોષી કુલીશા એ પ્રથમ સ્થાન અને લાખાણી કેસરે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ. વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિથી શારદામંદિરનું નામ રોશન થયું છે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ખૂબ અભિનંદન !

તા. ૪થી ઓટસ્ટના રોજ ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજીત રાષ્ટ્રીય ગીત સ્પર્ધામાં શારદામંદિર સ્કુલનો ત્રીજો નંબર આવ્યો. આ એક પ્રતિષ્ઠિત સ્પર્ધા હતી અને તેમાં આપણી શાળાનો ત્રીજો ક્રમ આવેલ. આ સિદ્ધિ માટે શારદામંદિર સ્કુલના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફને અભિનંદન.

તા ૭ ઓગસ્ટના રોજ આપણી શાળામાં યોજાયેલી વિવિધ વિષય પરની ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં ધામેલ

# શિશુમંદિર વિભાગ

ગ્રીષ્મા (ધો.૭), કાચા પરી (ધો.૭) એ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ જે બદલ ખૂબ અભિનંદન.

તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આપણી શાળાએ પોતાની શતાબ્દી ઉજવી. આ ખાસ દિવસે શાળા પરિવારે અનેક રંગારંગ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું . જેમાં દરેક વિદ્યાર્થીને તુલસીનો છોડ ભેટમાં આપીને આ દિવસને યાદગાર બનાવવામાં આવ્યો.

તા. ૧૫મી ઓગસ્ટના રોજ વિનયમંદિર વિભાગના નિવૃત્ત થતાં શિક્ષીકા શ્રી ફાલ્ગુનીબેન દરજીએ ધ્વજ વંદન કરીને કાર્યક્રમની શરૂઆત કરી. સ્કાઉટ અને એનસીસીના વિદ્યાર્થીઓએ દેશભક્તિના કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈને સૌને મંત્રમુગ્ધ કર્યા. આ પ્રસંગે શાળાના તમામ શિક્ષકો, વાલીઓ અને અન્ય સ્ટાફે પણ હાજરી આપી હતી.

૫ મી સપ્ટેમ્બર, શિક્ષક દિવસની ઉજવણીના અનોખા અવસર પર વિદ્યાર્થીઓએ એક અદ્‌ભૂત પહેલ કરી. આ દિવસે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકોની ભૂમિકા અપનાવીને શિક્ષણના મંચ પર ઉભા રહ્યા હતાં. આ અનુભવ દ્વારા તેમણે શિક્ષકની કામગીનીની જવાબદારી, ધીરજ અને સમર્પણ જેવા ગુણોને નજીકથી અનુભવ્યા હતાં. શિક્ષણના આ મંચ પર વિદ્યાર્થીઓએ પોતાના સાથીઓને પાઠ ભણાવ્યા, શંકાઓનું નિરાકરણ કર્યું અને શિક્ષણના આનંદ અનુભવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત પોલીસની નિર્ભયા ટીમ પણ શાળામાં આવેલ. તેમણે શિક્ષકોને શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને વિદ્યાર્થીઓના આ ઉત્સાહવર્ધક પ્રયાસોની પ્રશંસા કરી હતી. નિર્ભયા ટીમની હાજરીએ આ પ્રસંગને વધુ વિશેષ બનાવ્યો હતો અને વિદ્યાર્થીઓમાં સમાજસેવા પ્રત્યેની જાગૃતિ વધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

શાળાના ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ વિજ્ઞાન અને ગણિતના વર્કશોપમાં તેઓએ વિવિધ પ્રકારની રસપ્રદ પ્રવૃત્તિઓ કરી. વિદ્યાર્થીઓએ પોતાના હાથે ટેલિસ્કોપ બનાવ્યા અને આકાશમાં દૂરના તારાઓને જોયા. મોડલ રોકેટ બનાવીને તેને આકાશમાં ઉડાડવાની મજા અનુભવી. ગણિતના અદ્યતન ખ્યાલ વિશે જાણવા મળ્યું. માઈક્રોસ્કોપથી નાનકડી જીવાતો અને કોષોને નજીકથી જોયા. આ વર્કશોપમાં શિક્ષકો સાથે પ્રયોગો કરી અને મોડલ બનાવીને વિજ્ઞાન અને ગણિને વધુ સારી રીતે સમજી શક્યા.

શાળાએ ગુજરાત પોલીસના સહયોગથી છોકરીઓ માટે સ્વરક્ષાનો વર્કશોપ યોજીને એક નવી પહેલ કરી. આ વર્કશોપમાં છોકરીઓને સશક્ત બનાવવા અને તેમને આત્મવિશ્વાસથી જીવન જીવવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ જિલ્લાના કલા ઉત્સવમાં બીટ-૨ ની કક્ષામાં નિરીક્ષક તરીકે જઈને શાળાની શિક્ષીકા બહેનો શ્રી નિશાબેન છાટબાર અને શ્રી રોમાબેન પટેલે આપણી શાળા માટે એક ઉત્તમ ઉદારણ પુરું પાડ્યું. સંગીત અને ચિત્રકળાના ક્ષેત્રમાં તેમની નિપુણતાએ શાળાનું ગૌરવ વધાર્યુ છે અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે.

ભારતીય તહેવારો અને સંસ્કૃતિનુ બાળકોના મનમાં સદાય જીવંત રાખવાના પવિત્ર ઉદ્દેશ સાથે આપણી શાળા ઘણી ઉજવણીઓ કરે છે. તેના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ ધો.૫ થી ધો.૭ ના વિદ્યાર્થીઓએ પારણા સુશોભન અને પંચાજીરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. બાળકોએ બાલકૃષ્ણને ઝુલાવતાં પારણા અને પંચાજીરીના સ્વાદિષ્ટ પ્રસાદને આકર્ષક સ્વરૂપમાં રજૂ કર્યા હતાં.

આપણી શાળાના વિદ્યાર્થીઓ આપણી અને અન્ય શાળાઓ તથા સંસ્થાઓની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા હતાં અને તેમાં ક્રમ લાવતા હતાં. આપણી શાળામાં shardamandir@100 વિષય પર યોજાયેલ ચિત્ર સ્પર્ધા, ભારત વિકાસ પરિષદ સંસ્થા દ્વારા યોજાયેલ રાષ્ટ્રગાન સ્પર્ધા અને અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા યોજાયેલ તત્કાલ નિબંધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને આજે આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અતીતભાઈ પુરાણીના હસ્તે શાળા તરફથી ઈનામ આપવામાં આવ્યું હતું. શ્રી અતીતભાઈનો આભાર અને સૌ વિદ્યાર્થીને શુભેચ્છાઓ.

ધોરણ ૧ થી ૫ ના બાળકો માટે દર મહિને બેગ વિનાનો દિવસ રાખવામાં આવે છે. જેમાં શાળાની મુલાકાતમાં કોમ્પ્યુટર લેબ, સાયન્સ રૂમ, પુસ્તકાલય, શાળાની મેઈન ઓફીસ, શાળાના ત્રણ ગેટ વગેરેની મુલાકાત લીધી અને સંગીત અને યોગા કર્યા. નોબ ગેમ(અંગ, આકાર, પ્રાણીઓ), રથયાત્રા વિશે સંપૂર્ણ માહિતી, પેપર કપ (એક હાથે બેલેન્સ, ઉલ્ટો ક્રમ) શીખ્યા. સંમિત આકારો (Mirror Impression), કોલાજ વર્ક, વોલ પીસ (કાગળની પટ્ટી કાપીને), અનાજ કઠોળની માહિતી (મામાના મગ, ચાચાના ચણા), સમાચાર પત્રમાંથી મૂળાક્ષરો શોધી વાક્ય બનાવ્યું. રાખડી સ્પર્ધા, સુલેખન સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

વિસરાતી રમત 'નાગોલયું (સતોડિયુ)' બાળકો ખૂબ મન મુકીને રમ્યા. પાણીની ખાલી બોટલો ઉભી રાખવાનો પ્રયાસ કરવાની રમત, શાકભાજીની મદદ વડે જુદી જુદી પ્રિન્ટ બનાવી, પુંઠામાંથી ઘર બનાવ્યા. ગણેશજીમાં રંગ સ્પર્ધા, માટી, લોટ અને કલેના ઉપયોગથી ગણેશજી બનાવતા શીખ્યા. રૂમાલમાંથી ટેડી બીયર બનાવ્યા, વૃક્ષોનું મહત્વ સમજાવવા ફુલ અને કુંડાના ચિત્રમાં વિવિધ દાળ તથા કઠોળ ચોંટાડી વૃક્ષો બચાવોનું મહત્વ સમજાવવામાં આવ્યું.

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com
'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.